# બાર્નાબાસે અનુકંપા દર્શાવી

બાળકોને શીખવનારે અભ્યાસ L4b વાંચવો

ઈસુની આજ્ઞા છે અન્યો પર પ્રેમ કરવો. શત્રુઓને ક્ષમા આપવી અને આનંદપૂર્વક સહકાર આપવો.

**પ્રાર્થના :** સ્વર્ગીય પિતા, જેમ તમે અમને માફી આપી છે તેમ અન્યોને અને શત્રુઓને અમે ક્ષમા કરી શકીએ માટે મને તમારી જરૂર છે.

**૧. નમ્રતા તથા અનુકંપા સાથે બીજાની સેવા કરવા માટે ઈશ્વરીય વચનસહિત તૈયારી કરો.**

મંડળીમાં જરૂરિયાતવાળા વિશ્વાસીઓને જોઈને બાર્નાબાસે શું કર્યું તે **પ્રે.કૃ. ૪ઃ૩૪-૪૭ માંથી શોધો.**

- જ્યારે તુચ્છ ગણાતા હેલેનીઓ (ગ્રીકો) વિશ્વાસી બન્યા ત્યારે બાર્નાબાસે શું કર્યું ?
- જ્યારે હેલેની વિશ્વાસીઓને એક સારા શિક્ષકની જરૂર હતી ત્યારે બાર્નાબાસે શું કર્યું ?

જ્યારે યહુદી વિશ્વાસીઓ ચાહતા હતા કે વિદેશી વિશ્વાસીઓ યહૂદી રીત રિવાજોને અપનાવે ત્યારે બાર્નાબાસ તથા પાઉલે શું કર્યું તે **પ્રે.કૃ ૧૫ઃ૧-૪માંથી શોધો.**

**યોહાનની સુવાર્તા ૧૩ઃ૩૪-૩૫ માં** ઈસુએ તેના તમામ શિષ્યોને શી આજ્ઞા આપી છે તે શોધો.

નવા વિશ્વાસીઓ કરતાં આપણે વધુ કામ કર્યુ હોય અને ખ્રિસ્તના માટે વધારે દુઃખ સહન કર્યું હોય તો પણ તેમના પ્રત્યે આપણું વલણ કેવું હોવું જોઈએ તે **માત્થી૨૦ઃ૧-૧૬માંથી શોધો.**

**૧ કોરંથી ૧૩ માં અધ્યાયમાં શોધો.**

- જો આપણામાં પ્રેમ ન હોય તો આપણા સર્વે દાનોની કિંમત શી ?
- પ્રેમ શું છે ?
- પ્રેમ શું નથી?
- પ્રેમ કઈ બાબતો કરે છે ?
- પ્રેમ કઈ વાતો કરતો નથી ?

**લૂક ૨૩ઃ૩૩-૩૪** અને **પ્રે.કૃ ૭ઃ૫૮-૬૦ માં** ઈસુ તથા સ્તેફનની પ્રાર્થનાઓ દ્વારા વિશ્વાસીઓએ તેમના શત્રુ વિષે શું શીખવાનું છે ?



**રૂમી ૧૪ઃ૧-૫ માં** આપણાથી જુદા મતવાળા લોકો પ્રત્યે વિશ્વાસીએ શું કરવું જોઈએ અને ઈસુની સેવા કેવી રીતે કરવી જોઈએ તે શોધો.

**૨. સહકર્મીઓ સાથે અઠવાડિક પ્રવૃત્તિઓની ચર્ચા કરો.**

પોતાનું ભૂંડું કરનારને માફ ન કરે એવા તથા કડવા મનવાળા વિશ્વાસીઓના **નામ** યાદ કરો. તેમની મુલાકાત લો અને તેઓ ક્ષમાવાન થાય તે માટે તેમની સાથે પ્રાર્થના કરો.

નીચેની વાતો કરનાર વિશ્વાસીઓ સાથે કેવી રીતે વર્તવું તેની **ચર્ચા કરો :**

- તેમણે એક ભાઈને સારી નોકરી મેળવવામાં મદદ કરી પણ તેમણે તો તેમના માટે એવુ કશું કર્યું જ નથી.
- વર્ષો અગાઉ ભાઈએ મારા પર જ સંદેશો આપ્યો હતો હવે હું એ મંડળીમાં કદી જવાનો જ નથી.
- ફલાણાભાઈની દોરવણીની રીત સારી નથી લોકો તેમના વિષે સારું બોલતા નથી.
- પેલા નવા આવેલા ગંધાતા અને અવ્યવસ્થિત વસ્ત્રોવાળા માણસો મને ગમતાં નથી.

''એકબીજા માટે આજ્ઞા'' નવા કરારના **Paul - Timothy** આગેવાન તાલિમ અભ્યાસ **C5e** લાવીને વાંચો અથવા પાઠના અંતે આપેલ સમીક્ષા વાંચો.

**૩. આગામી ભજનસેવા અંગે સહકર્મીઓ સાથે ચર્ચા કરો.**

પ્રસંગને અનુરૂપ પ્રવૃત્તિ પસંદ કરો.

પહેલા ભાગમાંથી બાર્નાબાસના જીવનના પ્રસંગો ભજવો.

પહેલા ભાગ પર આધારિત **પ્રશ્નો પૂછો**. **બાળકોને** નાટકગીત, પ્રશ્નો રજુ કરવા દો.

''એકબીજા માટે આજ્ઞાઓ'' ની સમીક્ષા કરો અને વિશ્વાસીઓ સાથે તેની ચર્ચા કરો.

**પ્રભુની મેજ** માટે યોહાન ૬:૧-૧૪માં આપેલ ઈસુના ભોજનના ચમત્કારની વાર્તા વાંચો કે કહો. આજે પણ તે વિશ્વાસીઓને આત્મિક ભોજન તથા પાણી આપી શકે છે.

સમય હોય તો આ ગીત વંચાવો.

શત્રુએ જાળ બીછાવી છે, તે નિરાશા લાવશે,
    પણ હું લોકોને વૃધ્ધિ પામતા ને નિરાશામાંથી બહાર આવતા જોઈશ
વિશ્વાસીઓના નિસાસા અને કણવું શત્રુ માટે મીઠા ગીત છે
    નર્કનો મજાકિયો તેમના આંસુ જોઈને મલકે છે અને દુઃખો જોઈને હસે છે.

**સાથે મળીને ૧ યોહાન ૧૩,૧૪ શીખો.**

**નાના જૂથો બનાવી** પરસ્પર નિષ્ફળતાઓ કબૂલ કરો. શત્રુઓ માટે પ્રાર્થના કરો અને એકબીજાને પ્રોત્સાહન આપો. નાનું જૂથ રચો જેમાં લોકો પરસ્પર નિષ્ફળતાઓ કબૂલ કરે. શત્રુઓ માટે પ્રાર્થના કરે અને એકબીજાને ઉત્તેજન આપે.

## નવા કરારની એકબીજા માટે આજ્ઞાઓ

**૧. પ્રેમ**

એકબીજા પર પ્રેમ રાખો. યોહાન ૧૩:૩૪-૩૫; ૫:૧૨ અને ૧૭ રૂમી ૧૨:૧૦ ૧ થે.૪:૯. ૧ યો.૩:૧૧,૧૪ અને ૨૩; ૪:૭, ૧૧ અને ૧૨, ૨ યોહાન ૧:૫, ૧ પીતર ૧:૨૨

નિયમ પાળવા એકબીજા પર પ્રેમ રાખો. રૂમી.૧૩:૮

એકબીજા પરના પ્રેમમાં વૃધ્ધિ પામો. ૨ થેસ્સા ૧:૩

એકબીજાપરના પ્રેમમાં રહો. ૧ થેસ્સા.૩:૧૨

પાપના પૂંજને ઢાંકવા માટે પરસ્પર ગાઢ પ્રેમ કરો. ૧ પીતર ૪:૮

**૨. સંગત અને સમાધાન**

એકબીજાની સંગત રાખો. ૧ યો. ૧:૭
એકબીજાને ક્ષમા કરો એફેસી.૩:૧૩ ૪:૩૨ કોલોસી ૩:૧૩
પવિત્ર ચુંબન દ્વારા એકબીજાને સલામ કરો રૂમી.૧૬:૧૬, ૧કોરંથી ૧૬:૨૦
૨ કોરંથી ૧૩:૧૨ ૧ પીતર ૫:૧૪
રોટલી ભાંગવા એકબીજાની રાહ જુઓ ૧ કોરંથી ૧૧૩૩
એકબીજાના દુઃખો સહન કરો. ૧ કો.૧૨:૨૬

**૩. સેવા**

પોતાને મળેસા દાન પ્રમાણે એકબીજાની સેવા કરો. ૧ પી.૪:૧૦
પ્રેમથી એકબીજાની સેવા કરો. ગલાતી ૫:૧૩
એકબીજા પ્રત્યે માયાળુ થાઓ. ૧ થેસ્સા ૫:૧૫
એકબીજાની સંભાળ રાખો. ૧ કોરંથી. ૧૨:૨૫
એકબીજાના બોજ ઉંચકો. ગલાતી ૬:૨
પ્રભુ સેવા માટે એકબીજાનાં પગ ધૂઓ. યોહાન ૧૩:૧૪
એકબીજા સાથે કામ કરો. ૧ કોરંથી. ૩:૯, ૨ કો.૬:૧

**૪. શીખવો**

એકબીજાની સેવા કરો કોલોસી. ૩:૧૩
એકબીજાને સલાહ આપો રૂમી ૫:૧૪

**૫. પ્રોત્સાહન આપો.**

એકબીજાને પ્રોત્સાહન આપો કોલોસી. ૩:૧૬ હિબ્રુ ૧૦:૨૫
એકબીજાને ઉત્તેજન આપો હિબ્રુ ૩:૧૩
એકબીજા સાથે સાચું બોલો એફેસી ૪:૨૫
એકબીજા માટે  પ્રાણ આપો. ૧ યો. ૩:૧૬
પ્રેમ તથા સુકર્મો માટે એકબીજાને પ્રેમ કરો હિબ્રુ ૧૦:૨૪

**૬. પ્રાર્થના કરો, કબૂલ કરો અને ઉન્નતિ કરો.**

એકબીજા માટે પ્રાર્થના કરો યાકૂબ ૫:૧૬
એકબીજા આગળ પાપ કબુલ કરો યાકૂબ ૫:૬
એકબીજાને ઉત્તેજન આપો. ૧ થેસ્સા ૪:૧૮ ૫:૧ અને ૧૧
ગીતો સ્ત્રોતો, વચન પ્રકટીકરણ કે ભાષાતંર દ્વારા ઉન્નતિ કરો. ૧ કોરંથી ૧૪:૨૬
સાથે મળીને ઈશ્વરનો મહિમા કરો. રૂમી ૧૫:૬

**૭. નમ્રતા એકતા શોધો.**

એકબીજાનું માન જાળવો. રૂમી ૧૨:૧૦
એકબીજા સાથે એક મનના થાઓ. ૨ કોરંથી ૧૩:૧૧ ૨-મી ૧૨:૧૬ ૧૫:૫
એકબીજાની ટીકા ન કરો. રૂમી ૧૪:૧૩
એકબીજાનું ખોટું ન લગાડો. યાકૂબ ૪:૧૧,૫:૧
એકબીજાને આધીન થાઓ. એફેસી,૫:૨૧
એકબીજા પર પ્રેમ  કરો. ૧લો પીત્તર ૫:૫

**૮. મેળથી રહો.**

એકબીજા પ્રત્યે ધીરજવાન થાઓ. એફેસી ૪:૨
એકબીજા સાથે શાતિમાં રહો. માત્થી. ૯:૫૦
એકબીજાને પરોણાં રાખો. રૂમી ૧૫:૭, ૧ પીતર ૪:૯ -  ૧૫ : ૭